# 11 આર્થિક વિચારો (Economic Thoughts)

**પરિચય**

**આર્થિક વિચારો રજૂ કરનાર વિશ્વના અર્થશાસ્ત્રીઓ:**

(1) ઍડમસ્મિથ (2) પ્રો. આલ્ફ્રેડ માર્શલ (3) પ્રો. રોબિન્સ (4) પ્રો. કેઇન્સ

**અર્થશાસ્ત્ર સંબંધિત વિચારોનાં દર્શન કરાવતા ગ્રંથોની માહિતી:**

(1) મહાભારત (2) મનુસ્મૃતિ (3) શુક્રનીતિ (4) કામંદકીય નીતિસાર (5) 'કૌટિલ્યનું અર્થશાસ્ત્ર'

**કૌટિલ્ય (ચાણક્ય)નો પરિચય અને તેમના આર્થિક વિચારો:**

(1) જનપદ (2) રાજકોષ (3) કરવેરાની નીતિ (a) ભૂમિકર (b) આયાત-નિકાસ કર (4) કૃષિ-પશુપાલન (5) ઉદ્યોગ

**ગાંધીજીનો પરિચય અને તેમના આર્થિક વિચારો:**

(1) સર્વોદય (2) શ્રમનું ગૌરવ (3) યંત્રનો ઉપયોગ (4) વિકેન્દ્રીત અર્થવ્યવસ્થા (5) સાદગી અને અપરિગ્રહ (6) ટ્રસ્ટીશિપ (વાલીપણા)નો સિદ્ધાંત

**પંડિત દીનદયાલ ઉપાધ્યાયનો પરિચય અને તેમના આર્થિક વિચારો :**

(1) અર્થ-વ્યવસ્થાનો ત્રીજો વિકલ્પ (2) એકાત્મ માનવવાદ (3) સાધ્ય-સાધનનો વિવેક (4) સંપત્તિની માલિકી (5) વિકેન્દ્રીત અર્થ-વ્યવસ્થા (6) સંયમિત ઉપભોગ (7) શ્રમપ્રધાન ઉત્પાદનપદ્ધતિ

**પંડિત દીનદયાલના મતે અર્થ-વ્યવસ્થાના ઉદ્દેશો :**

(1) પ્રત્યેક વ્યક્તિને લઘુતમ જીવનસ્તર મળવું જોઈએ (2) રાષ્ટ્રની સુરક્ષા અને સામર્થ્ય (3) વ્યક્તિ, રાષ્ટ્ર અને વિશ્વની પ્રગતિ (4) દરેક વ્યક્તિને આજીવિકાનો અવસર (5) કુદરતી સાધનોનો કરકસરથી ઉપયોગ (6) ઉત્પાદક સાધનો અનુરૂપ ઉત્પાદનપદ્ધતિ (7) માનવીનો વિકાસ, સમાજના સાંસ્કૃતિક અને અન્ય જીવનમૂલ્યોનું રક્ષણ (8) વ્યવહારિક પદ્ધતિથી માલિકીનો નિર્ણય

## વિભાગ A

- **નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખો :**

**1.** માનવકલ્યાણને લક્ષમાં રાખીને આર્થિક વિચારો રજૂ કરનાર અર્થશાસ્ત્રી કોણ હતા ? ☐

(A) ઍડમસ્મિથ (B) પ્રો. આલ્ફ્રેડ માર્શલ
(C) પ્રો. રોબિન્સ (D) પ્રો. કેઇન્સ

**2.** કયા સમયની મંદીને વિશ્વ મહામંદી તરીકે ઓળખવામાં આવે છે ? ☐

(A) ઈ.સ. 1929-30 (B) ઈ.સ. 1939-40
(C) ઈ.સ. 1949-50 (D) ઈ.સ. 1829-30

**3.** પંડિત શ્યામ શાસ્ત્રીને ''કૌટિલ્યનું અર્થશાસ્ત્ર'' ગ્રંથ કયા રાજ્યની લાઈબ્રેરીમાંથી મળ્યો ? ☐

(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર
(C) મુંબઈ (D) મૈસૂર

**4.** કૌટિલ્ય કયા શ્રમને વાસ્તવિક અર્થ કહે છે ? ☐

(A) કુદરતસર્જિત (B) માનવસર્જિત
(C) મૂડીસર્જિત (D) જમીનસર્જિત

5. કૌટિલ્યએ રાજ્યની આવકના કેટલા સ્રોત દર્શાવ્યા છે ?

(A) પાંચ (B) ત્રણ

(C) સાત (D) છ

6. કૌટિલ્યએ આયાત-નિકાસ કરના સંદર્ભમાં વસ્તુને કેટલા ભાગમાં વહેંચીને કર-વ્યવસ્થા સૂચવી છે?

(A) ત્રણ (B) ચાર

(C) બે (D) પાંચ

7. વિદેશમાંથી લાવવામાં આવતી વસ્તુ પર લેવામાં આવતા કરને કૌટિલ્ય કયા શુલ્ક (કર) તરીકે ઓળખાવે છે ?

(A) બાહ્ય (B) આભ્યન્તર

(C) વિશિષ્ટ (D) આતિથ્ય

8. ગાંધીજીના જીવનનો જીવનમંત્ર કયો હતો ?

(A) કરકસરમય જીવન (B) ભક્તિમય જીવન

(C) નીતિમય જીવન (D) સેવામય જીવન

9. ગાંધીજીએ 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર'ના ખ્યાલો કોના વિચારમાંથી અપનાવેલ છે ?

(A) થૉરો (B) રસ્કિન

(C) ટૉલ્સટૉય (D) કેઈન્સ

10. ગાંધીજીને 'સર્વોદય'ની પ્રેરણા રસ્કિનના કયા પુસ્તકમાંથી મળી હતી ?

(A) 'અન્ ટુ ધ લાસ્ટ' (B) 'વૉટ સેલ વી ડુ ધેન'

(C) 'વેલ્થ ઑફ નેશન' (D) 'ધી કિંગડમ ઑફ ગોડ ઈઝ વિધિન યુ'

11. 'ઈચ્છારહિતતા'નો સિદ્ધાંત કોણે આપ્યો ?

(A) કૌટિલ્ય (B) ગાંધીજી

(C) શ્રીમદ્ રાજચંદ્ર (D) પંડિત દીનદયાળ

12. 'એકાત્મ માનવવાદ'ના પુરસ્કર્તા કોણ હતા ?

(A) પંડિત દીનદયાળ (B) કૌટિલ્ય

(C) ગાંધીજી (D) ગુરુનાનક

13. પંડિત દીનદયાળ ઉપાધ્યાયએ પૂર્ણ રોજગારીને મહત્ત્વ આપતા કયું સૂત્ર આપ્યું ?

(A) 'હર આદમી કો પૈસા' (B) 'હર પાવ કો કામ હર ઘર કો પાની'

(C) 'હર હાથ કો કામ હર ખેત મેં પાની' (D) 'હર મકાન કો છત'

**14.** 'સંયમિત ઉપભોગ'ની નીતિ દ્વારા દેશને આત્મનિર્ભર બનાવવાની હિમાયત કોણે કરી ?

(A) ગાંધીજી
(B) પંડિત દીનદયાળ
(C) કૌટિલ્ય
(D) શ્રીમદ્ રાજચંદ્ર

**15.** 'શ્રમેવ જયતે' યોજના કયા વર્ષમાં શરૂ કરવામાં આવી ?

(A) 2015
(B) 2017
(C) 2016
(D) 2014

## વિભાગ B

- **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

**1.** અછત, પસંદગી અને કરકસરને લગતા આર્થિક વિચારો કોણે રજૂ કર્યા ?

**2.** કયા-કયા ભારતીય ગ્રંથોમાં અર્થશાસ્ત્રની વિચારધારાનાં દર્શન થાય છે ?

**3.** ''કૌટિલ્યનું અર્થશાસ્ત્ર'' ગ્રંથ કઈ લાઈબ્રેરીમાંથી પ્રાપ્ત થયો હતો ?

**4.** કૌટિલ્યએ જનપદની સ્થાપનામાં રાજાએ કોને કરમુક્તિ આપવાની હિમાયત કરી છે ?

**5.** કૌટિલ્યના મતે કરવેરા ઉઘરાવવાની પ્રક્રિયા કેવી હોવી જોઈએ ?

**6.** કૌટિલ્યએ કયાં પાસાંઓને ધ્યાનમાં રાખી ભૂમિકરનું પ્રમાણ નક્કી કરવાના નિયમો આપ્યા છે ?

**7.** આભ્યન્તર શુલ્ક (કર) કોને કહેવાય ?

**8.** ગાંધીજીને માનવશ્રમનું મહત્ત્વ અને ભારતની દારુણ ગરીબી દૂર કરવાનો રસ્તો કોના વિચારમાંથી મળ્યો હતો ?

**9.** કયા સિદ્ધાંતથી પ્રભાવિત થઈને ગાંધીજીએ 'શ્રમના ગૌરવ' અંગેના વિચારો રજૂ કર્યા ?

**10.** ગાંધીજીના મતે વિકેન્દ્રીત અર્થ-વ્યવસ્થાના પાયામાં કયા ખ્યાલો રહેલા છે ?

**11.** ભગવદ્‌ગીતાના અપરિગ્રહના સિદ્ધાંતથી પ્રેરાઈને ગાંધીજીએ કયો સિદ્ધાંત રજૂ કર્યો ?

**12.** 'એકાત્મ માનવવાદ એ ભારતીય સંસ્કૃતિનું જીવનદર્શન છે' એવું કોણે કહ્યું ?

**13.** ગાંધીજીના આર્થિક, સામાજિક અને રાજકીય જીવન અંગેના સામાન્ય દર્શનને કઈ રીતે ઓળખવામાં આવે છે ?

**14.** ભારતમાં ખેતીક્ષેત્રે શ્રમનું ભારણ ઓછું થાય તે માટે પંડિત દીનદયાળે કયા ઉદ્યોગો શરૂ કરવાની હિમાયત કરી છે ?

**15.** 'ગ્રામજ્યોતિ યોજના' કયા ઉદ્દેશથી શરૂ કરવામાં આવી ?

## વિભાગ C

- **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

**1.** રાજકોષ અંગે કૌટિલ્યનાં સૂચનો જણાવો.

2. કૌટિલ્યએ આયાત-નિકાસ કરને કેટલા ભાગમાં વિભાજિત કરી છે ? કયા-કયા ?

3. કૌટિલ્યએ ભૂમિને કેટલા પ્રકારમાં વિભાજિત કરી છે ? કયા-કયા ?

4. કૌટિલ્યએ કયા ત્રણ પ્રકારનાં પશુઓનો નિર્દેશ કર્યો છે ?

5. ગાંધીજીના જીવનમાં કયા-કયા વિચારકોનો પ્રભાવ જોવા મળે છે ?

6. ગાંધીજીના મતે સર્વોદયનો અર્થ સ્પષ્ટ કરો.

7. ટ્રસ્ટીશિપના સિદ્ધાંતમાં ગાંધીજીએ આર્થિક પ્રવૃત્તિનાં કયાં ત્રણ ક્ષેત્રો દર્શાવ્યાં છે ?

**8.** પંડિત દીનદયાળ ઉપાધ્યાયે રજૂ કરેલ કૃતિઓ જણાવો.

**9.** પંડિત દીનદયાળના મતે 'શ્રમપ્રધાન ઉત્પાદનપદ્ધતિ ભારત માટે વધારે અનુકૂળ છે.' સમજાવો.

**10.** પંડિત દીનદયાળ ઉપાધ્યાયની વિચારસરણી આધારિત કઈ યોજનાઓ રાજ્યે અમલમાં મૂકી છે ?

## વિભાગ D

- **નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

**1.** કૌટિલ્યએ સૂચવેલ કરવેરાનીતિનો ખ્યાલ સમજાવો.

**2.** કૌટિલ્યના ઉદ્યોગ અંગેના વિચાર જણાવો.

**3.** 'શ્રમનું ગૌરવ' અંગે ગાંધીજીના વિચારો જણાવો.

**4.** 'એકાત્મ માનવવાદ' અંગે પંડિત દીનદયાળ ઉપાધ્યાયના વિચારો જણાવો.

**5.** પંડિત દીનદયાળના મતે 'આર્થિક સમસ્યાના ઉકેલ માટે સંયમિત ઉપભોગની નીતિ યોગ્ય છે.' સમજાવો.

## વિભાગ E

- **નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

**1.** જનપદ (રાજ્ય)ની સ્થાપના અને રાજકોષ અંગેના કૌટિલ્યના વિચારો વિગતે સમજાવો.

**2.** ગાંધીજીનો વિરોધ 'યંત્ર સામે નહિ પણ યંત્રોની ઘેલછા' સામે હતો. સમજાવો.

**3.** ગાંધીજીએ રજૂ કરેલ ટ્રસ્ટીશિપ (વાલીપણા)નો સિદ્ધાંત વિગતે સમજાવો.

4. પંડિત દીનદયાળ ઉપાધ્યાયે સૂચવેલા ભારતીય અર્થ-વ્યવસ્થાના ઉદ્દેશો જણાવો.